# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-10-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એકતાનગરમાં 25 ઇ-બસોને લીલીઝંડી આપી - 1200 કરોડ રૂપિયાથી વધુના વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.
2. એકતાનગર સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે લોહ પુરુષ સરદાર પટેલ સાહેબની 150મી જન્મજયંતિની ઉજવણીની તૈયારીઓ પૂર્ણ
3. ભારત અને ઇટાલીએ મુખ્ય ક્ષેત્રોમાં સહયોગ મજબૂત કરવા 10 મુદ્દાની સંયુક્ત વ્યૂહાત્મક કાર્ય યોજના તૈયાર કરી હોવાનું ઈટાલીના રાજદૂતનું નિવેદન
4. રાજ્યના 158 તાલુકામાં આજે કમોસમી વરસાદ-સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં આગામી ત્રણ દિવસ ભારે વરસાદની આગાહી
5. ICC મહિલા એક દિવસીય વિશ્વ કપની બીજી સેમિફાઇનલમાં ઓસ્ટ્રેલિયાએ ભારતને જીતવા 339 રનનો લક્ષ્યાંક આપ્યો

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# PM GUJARAT VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી બે દિવસ પ્રવાસે ગુજરાત આવી પહોંચ્યા છે. તેમણે આજે એકતાનગરમાં 25 ઇલેક્ટ્રિક બસને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું. શ્રી મોદી થોડીવારમાં એક હજાર 219 કરોડ રૂપિયાથી વધુના વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. તેમજ આજે સાંજે શરૂ થઈ રહેલા વિવિધ વિકાસકાર્યો થકી એકતાનગર પરિસરમાં ઇકો-ટૂરિઝમ, હરિત પરિવહન, આધુનિક માળખાકીય સુવિધા અને આદિવાસી વિકાસને પ્રોત્સાહન મળશે. વધુ માહિતી અમારાં સંવાદદાતા પાસેથી.

**(V/C- APARNA KHUNT)**

*(...આજે ઉદ્ઘાટન થનારા પ્રોજેક્ટ્સમાં રાજપીપળામાં બિરસા મુંડા આદિવાસી યુનિવર્સિટીનો શુભારંભ ; ગરુડેશ્વરમાં હોસ્પિટાલિટી ડિસ્ટ્રિક્ટના પ્રથમ તબક્કાનું લોકાર્પણ , વામન વૃક્ષ વાટિકા; સાતપુડા પ્રોટેક્શન વોલ; ઇ-બસ ચાર્જિંગ ડેપો, નર્મદા ઘાટ વિસ્તાર ; કૌશલ્યા પથના લોકાર્પણ સહિતના પ્રોજેક્ટ્સ સામેલ છે. આ ઉપરાંત, પ્રધાનમંત્રી 367 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થનાર ભારતના રજવાડાઓના સંગ્રહાલય; સહિત વીર બાલક ઉદ્યાન; રમતગમત સંકુલ; વર્ષા વન પ્રોજેક્ટ; શૂલપાણેશ્વર ઘાટ નજીક જેટી વિકાસ; સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ટ્રાવલેટર્સ સહિત વિભિન્ન પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ પણ કરશે. આ કાર્યક્રમ દરમિયાન, પ્રધાનમંત્રી સરદાર પટેલની 150મી જન્મજયંતિ નિમિત્તે એક ખાસ સ્મારક સિક્કાનું અને ટપાલ ટિકિટનું પણ અનાવરણ કરશે.*

*અપર્ણા ખુંટ//આકાશવાણી સમાચાર //અમદાવાદ*

-------------

# PM TOMORROW

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતિની ઉજવણી નિમિત્તે સ્ટેચ્યૂ ઑફ યુનિટી ખાતે સરદાર પટેલને પુષ્પાંજલિ અર્પણ કરશે, અને રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં ભાગ લેશે. શ્રી મોદી દિલ્હીમાં યોજાતી પ્રજાસત્તાક દિવસ પરેડની પેટર્ન પર એકતા નગર ખાતે યોજાનાર મુવિંગ પરેડનું નિરીક્ષણ કરશે. ત્યારબાદ, શ્રી મોદી આરંભ 7.0 અંતર્ગત 100માં કૉમન ફાઉન્ડેશન કૉર્સના અધિકારી તાલીમાર્થીઓ સાથે સંવાદ કરશે.

-------------

# EKTA NAGAR PREPARATIONS

એકતાનગર સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે લોહ પુરુષ સરદાર પટેલ સાહેબની 150મી જન્મજયંતિની ઉજવણીની તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. આવતીકાલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં એકતાનગર ખાતે દિલ્હીમાં યોજાતી પ્રજાસત્તાક દિવસ પરેડની પેટર્ન પર મુવિંગ પરેડ યોજાશે. આ પરેડમાં BSF, CISF, ITBP, CRPF, SSB, J&K, પંજાબ, આસામ, ત્રિપુરા, ઓડિશા, છત્તીસગઢ, કેરાળા, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને NCC મળીને કુલ 16 કન્ટીજન્ટ્સ સહભાગી થશે.

ઓપરેશન સિંદૂરના BSFના 16 પદક વિજેતા અને CRPFના પાંચ શૌર્ય ચક્ર વિજેતા બહાદુર જવાનો પણ આ પરેડમાં ખુલ્લી જીપ્સીમાં જોડાશે.

દરમિયાન વિવિધ રાજ્યોની સિદ્ધિઓ દર્શાવતા 'એકત્વ' થીમ આધારિત 10 ટેબ્લો રજૂ કરાશે. આ ઉપરાંત વિવિધ રાજ્યોની સાંસ્કૃતિક વિરાસતની ઝાંખી કરાવતા કાર્યક્રમો યોજાશે.

-------------

# HM- RUN FOR UNITY

સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતિ નિમિત્તે 31 ઑક્ટોબરે દેશભરમાં રન ફોર યુનિટીનું આયોજન કરાયું છે. ત્યારે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે વધુ માહિતી આપી.

(બાઇટ : AMIT-SHAH--RUN-FOR-UNITY)

દરમિયાન, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આવતીકાલે અમદાવાદના નારણપુરા ખાતેથી યુનિટી માર્ચનું પ્રસ્થાન કરાવશે.

-------------

# RASTRIYA EKTA DIVAS

રાજ્યભરમાં 'રાષ્ટ્રીય એકતા દિવસ' ની ઉજવણીના ભાગરૂપે વિવિધ જિલ્લાઓમાં  'રાષ્ટ્રીય એકતા શપથ' ગ્રહણના કાર્યક્રમ યોજાયા હતા.

ડાંગ જિલ્લામાં અધિક કલેક્ટર ની આગેવાની માં જુદી જુદી શાખાના શાખાના અધિકારીઓ ઉપરાંત કર્મચારીઓએ એકતાના શપથ ગ્રહણ કર્યા હતા.

સુરેન્દ્રનગર જિલ્લા માં કલેકટર કચેરી સહિતની વિવિધ સરકારી કચેરીઓમાં રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા જાળવવાના સંકલ્પ સાથે 'એકતા શપથ' લેવામાં આવ્યા હતા.

મહીસાગર જિલ્લામાં પણ કલેકટરની હાજરીમાં  અધિકારીઓ અને કર્મચારીઓએ 'એકતા શપથ' ગ્રહણ કર્યા હતા.

પાટણ, **મોરબી અને ભાવનગર જિલ્લામાં પણ જિલ્લા વહીવટી તંત્રના અધિકારી અને કર્મચારીઓએ 'એકતા શપથ' લીધા હતા.**

-------------

# BHARAT PARV

નર્મદા જિલ્લાના એકતાનગર ખાતે પહેલી થી 15 મી નવેમ્બર દરમિયાન 'જનજાતીય ગૌરવ વર્ષ' અને 'ભારત પર્વ'ની ઉજવણી કરાશે. જેના અનુસંધાને વિવિધ રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમોનું આયોજન કરાયું છે. આ કાર્યક્રમોમાં ભગવાન બિરસા મુંડાના જીવન અને યોગદાન પર રાષ્ટ્રીય કક્ષાનો પરિસંવાદ, ભગવાન બિરસા મુંડાના જીવનના વિવિધ

પાસાઓને પ્રદર્શિત કરતું વિશિષ્ટ થીમ પેવેલિયન અને આદિવાસી પરંપરાગત હસ્તકલા-કૃતિઓ, ચિત્રકલા, ખાદ્ય બનાવટોનું ભવ્ય પ્રદર્શન યોજાશે.

આ ઉપરાંત આદિજાતિ જનસમૂહની ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે ઉમરગામ-વલસાડથી એકતાનગર અને અંબાજી-બનાસકાંઠાથી એકતાનગર સુધીની બે 'જનજાતીય ગૌરવ રથ યાત્રા'નું આયોજન કરાશે. આ દરમિયાન વિવિધ સ્પર્ધાઓ અને સેવાકીય પ્રવૃત્તિઓ યોજાશે. જનજાતીય ગૌરવ દિવસ- ૧૫મી નવેમ્બરે એકતાનગર ખાતે મહાનુભાવોની ઉપસ્થિતિમાં રાજ્ય કક્ષાનો 'જનજાતીય ગૌરવ વર્ષ સમાપન સમારોહ' યોજાશે.

-------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# ITALY RAJDOOT

ભારતમાં ઇટાલીના રાજદૂત શ્રીયુત એન્ટોનિયો બાર્ટોલીએ ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે બેઠક કરી. બંને વચ્ચે ઉત્પાદન, રમત ઉદ્યોગો, ખાદ્ય પ્રસંસ્કરણ, વેસ્ટ ટૂ એનર્જી – અવકાશ – વિજ્ઞાન અને ટેકનોલોજી તથા કનેક્ટિવિટી અને સ્માર્ટ પરિવહન સહિતના ક્ષેત્રોમાં પરસ્પર સહભાગીતાની સંભાવનાઓ અંગે ચર્ચા થઈ.

દરમિયાન શ્રી પટેલે જણાવ્યું, ગુજરાતે પોલિસી ડ્રિવન સ્ટેટ અને મેન્યુફેક્ચરિંગ હબ બનવા સાથે વિકસિત ભારત @ 2047ના પ્રધાનમંત્રીના સંકલ્પ માટે વિકસિત ગુજરાત @ 2047નો રોડ મેપ લિવિંગ વેલ – અર્નિંગ વેલના ધ્યેય સાથે તૈયાર કર્યો છે. દરમિયાન ઇટાલીના રાજદૂત શ્રી બાર્ટોલીએ કહ્યું, ભારત અને ઇટાલીએ મુખ્ય ક્ષેત્રોમાં સહયોગનો સેતુ મજબૂત બનાવવા 10 મુદ્દાનો સંયુક્ત વ્યૂહાત્મક કાર્ય યોજના તૈયાર કરી છે.

-------------

# WEATHER FORECAST

આગામી 3 દિવસ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજે સૌરાષ્ટ્રના પોરબંદર, ભાવનગર સહિતના દરિયાકાંઠાના જિલ્લા તેમજ દક્ષિણ ગુજરાતના સુરત, ડાંગ, વલસાડ સહિત તમામ જિલ્લામાં ભારે વરસાદની

શક્યતા છે. હવામાન વિભાગના નિયામક ડૉ. એ. કે. દાસે જણાવ્યું, 30 થી 40 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની પણ સંભાવના છે.

**(બાઇટ : ડૉ. એ. કે. દાસ, નિયામક, હવામાન વિભાગ)**

ભારે પવન ફુંકાવાની આગાહીને ધ્યાનમાં લઇને મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામક જામનગર દ્વારા જિલ્લાના બોટ માલિકોને તાત્કાલિક અસરથી બોટો પરત બોલાવી લઇ રીટર્ન એન્ટ્રી કરાવી લેવા સુચના અપાઈ છે.

-------------

# RAIN DISTRICTS

રાજ્યમાં કારતકમાં અષાઢી માહોલ જામ્યો છે. આજે 158 તાલુકામાં કમોસમી વરસાદના અહેવાલ છે. ભાવનગરના મહુવામાં ત્રણ ઇંચ કરતાં વધુ વરસાદ નોંધાયો. તળાજા, ભરૂચ જિલ્લાના હાંસોટ, ડાંગના સુબીર તેમજ ગાંધીનગરમાં બે ઇંચ કરતાં વધુ વરસાદ થયાના અહેવાલ છે. અમદાવાદમાં પણ આજે હળવો વરસાદ નોંધાયો. બીજી તરફ રાજ્યમાં કમોસમી વરસાદને પગલે અનેક જિલ્લાના પાકોને નુકસાન થયાના પણ અહેવાલ મળતા રાજ્ય સરકાર સરવે કરવાના પણ આદેશ આપ્યા છે. ત્યારે ગીર સોમનાથ જિલ્લામાં પણ પાક નુકસાનીનો સરવે હાથ ધરાશે. સાંભળીએ એક અહેવાલ..

(વોઇસ કાસ્ટ : રાજેશ ભજગોતર)

દરમિયાન અરવલ્લી અને મહેસાણા સહિત જિલ્લામાં કમોસમી વરસાદથી ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે.

-------------

# WOMEN'S CRICKET

ICC મહિલા એક દિવસીય વિશ્વ કપની બીજી બીજી સેમિફાઇનલમાં ઓસ્ટ્રેલિયાએ ભારતને જીતવા 339 રનનો લક્ષ્યાંક આપ્યો છે. નવી મુંબઈના ડીવાય પાટીલ સ્ટેડિયમમાં ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતી પ્રથમ બેટિંગ કરતાં 338 રન કર્યાં હતા. ઓસ્ટ્રેલિયાના ફીબી લિચફિલ્ડે શાનદાર સદી નોંધવતા 119, એલિસ પેરીએ 77 અને એશ્લે ગાર્ડનરે 63 રન બનાવ્યા. ભારત તરફથી શ્રી ચારણી અને દીપ્તિ શર્માએ 2-2 વિકેટ ઝડપી હતી. આજની મેચની વિજેતા ટીમ રવિવારે ફાઇનલ મુકાબલામાં દક્ષિણ આફ્રિકાનો સામનો કરશે.

-------------